## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




બહેન હવે, અર્થતંત્રને બૂસ્ટર ડોઝ આપ્યા પછી જ શાકભાજી સસ્તુ થશે...

# કલોલમાં ઝાડા-ઉલટીના કેસોને નાથવા બે કરોડના ખર્ચે નવીન પીવાના પાણીની પાઈપલાઈન નાંખવાની કામગીરીનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

કલોલ રેલ્વેપૂર્વ વિસ્તારમાં ઝાડા- ઉલટીના અચાનક વધી ગયેલા કેસોને કાયમી ધોરણે નાથવા માટે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિત શાહની સૂચનાથી આ વિસ્તારમાં રૂપિયા ૨ કરોડના ખર્ચે નવીન પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરીનો આજથી આરંભ કરવામાં આવ્યો છે, તેવું જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યે જણાવ્યું છે કે, કલોલ રેલ્વે પૂર્વ વિસ્તારમાં તા. ૬ માર્ચથી અચાનક ઝાડા- ઉલ્ટીના કેસોમાં વધારો જોવા મળી રહ્યો હતો. છેલ્લે આ કેસો ૫૮૩ સુધી પહોંચી ગયા હતા. જેથી આ કેસોને નાથવા માટે સ્થાનિક તંત્ર દ્વારા સુચારું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વિસ્તારમાં રહેતા લોકોને હાઉસ ટુ હાઉસ આરોગ્ય સર્વે શરૂ કરવામાં આવ્યો હતો.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગરના સાસંદ શ્રી અમિતભાઈ શાહે આ બાબતેને ગંભીર લીધી હતી. ઝાડા- ઉલટીના કેસો માટે તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો જાણી હતી. તેમજ તાત્કાલિક ધોરણે ઝાડા- ઉલટીના કેસો ઘટાડવા તેમજ આ વિસ્તારની પાણી અને ગટર લાઈનની પાઈપ બદલી નાખવા માટેનું સૂચન કર્યું હતું. આ અંગે તેમણે રાજયના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું ધ્યાન દોર્યું હતું. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ આ લાઈન બદલવા માટે ખાસ કિસ્સામાં નાણાની જોગવાઈ કરવા જણાવ્યું હતું. જેથી રાજય સરકાર દ્વારા આ કામ માટે ખાસ કિસ્સામાં રૂપિયા ૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પાઈપલાઈન નાખવાના કામની શરૂઆત આજથી થઈ છે. આ અંગે સંબંધિત એજન્સી યોગ્ય કાર્યવાહી કરીને ૧૦ દિવસમાં જિલ્લા વહીવટી તંત્રને રીપોર્ટ કરશે.

### કલોલમાં વધુ ૩૦ કેસ ઝાડા-ઉલ્ટીના નોંધાયા

કલોલમાં આજે પાણીજન્ય રોગચાળાના વધુ ૩૦ કેસ નોંધાયા છે. આ સાથે પાણીજન્યના અત્યાર સુધીમાં ૫૮૦ થી વધુ કેસ નોંધાયા છે.

શહેરમાં પાણીજન્ય રોગચાળાનો અસરગ્રસ્ત વિસ્તાર સતત વધી રહ્યો છે. આજે શહેરની ૮૦ સોસાયટીનો રહેણાંક વિસ્તાર અસરગ્રસ્ત હોઈ ત્યાં ટેન્કરથી પાણી આપવામાં આવે છે. પાણીજન્ય રોગચાળાના ૧૫ દર્દીઓ આજે પણ ઈન્ડોર દર્દી તરીકે સારવાર હેઠળ છે.

## ખૂણેખાંચરેથી

- ટી.બી. નિર્મૂલન ૨૦૨૫નો કેન્દ્રનો નિર્ણય અને ૨૦૨૨માં ગુજરાતમાંથી ટી.બી. નિર્મૂલનના લક્ષ્યાંક સંદર્ભે આજે પુનઃવસન વિકલાંગ સ્કૂલ ઉવારસદ ખાતે યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં ૨૫ બાળકોએ ભાગ લીધો હતો.
- આજે ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઈ પટેલ, પ્રદેશ અગ્રણી હિતેન્દ્ર પટેલ, પ્રકાશ પટેલની ઉપસ્થિતિમાં નમો કિસાન પંચાયતનું આયોજન કરાયુ હતુ.
- ગુજરાત સચિવાલય ફેડરેશને રાજયના મુખ્યમંત્રીને પત્ર પાઠવી કર્મચારીઓની વય નિવૃત્તિની મર્યાદા ૫૮ને બદલે ૬૨ કરવા રજુઆત કરી છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં છાશના વેચાણમાં વધારો થયો છે.
- ગાંધીનગર શહેરમાં ગરમી વધતાં હવે આઈસ્ક્રીમ પાર્લરો પર સાંજના સુમારે ભીડ જોવા મળી રહી છે.
- ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા આજે જિલ્લા પંચાયતની બજેટ બેઠક પૂર્ણ થયા બાદ જિલ્લા પંચાયત આવ્યા હતા.
- ગાંધીનગર મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલે આજે મનપાના અધિકારીઓ સાથે સાત્પાહિકી સમીક્ષા બેઠક યોજી હતી.
- ગાંધીનગર જિલ્લામાં કૃષિક્ષેત્રમાં મજૂરોની સમસ્યા ખેડૂતોને સતાવી રહી છે.

# ગાંધીનગરમાં ૩૦મી માર્ચે 'રાજસ્થાન સ્થાપના દિવસ'ની ભવ્ય ઉજવણી કરાશે

ગાંધીનગરમાં રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તા.૩૦મી માર્ચે "રાજસ્થાન દિવસ"ની ઉજવણી ઉલ્લાસભર્યા સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમો સાથે કરવામાં આવશે તેમજ આ પ્રસંગે મહાનગરના તમામ ૪૪ કોર્પોરેટરોને પરંપરાગત રાજસ્થાન સન્માનથી સન્માનિત કરવામાં આવશે.

ગાંધીનગરના રાજસ્થાન સમાજ સાવર્જનિક સેવા ટ્રસ્ટની ઈન્ફોસીટીમાં હોટલ ક્રિષ્નાના મિટિંગ હોલ ખાતે યોજાયેલી કારોબારીની બેઠકમાં ટ્રસ્ટના પ્રમુખ તુલસીભાઈ માલી, મહામંત્રી મુકેશકુમાર વ્યાસ, સરંક્ષમ ધરમવીર જી ચૌધરી, ઉપપ્રમુખ જગદાનભાઈ ગઢવી, માંગીલાલ ગુર્જર, મહાદેવભાઈ પ્રજાપતિ, શિક્ષણ મંત્રી રમેશજી પાંચાલ, વિક્રમસિંહ રાજપૂત, કાર્યાલય મંત્રી પ્રવીણભાઈ, સંગઠન મંત્રી શિવશંકર જાટ, ખજાનચી મુપાજી પ્રજાપતિ, મુકેશભાઈ પ્રજાપતિ, મદનભાઈ મોદી, વિક્રમસિંહ રાજપુરોહિત, નટવરભાઈ, ચુન્નીલાલ ગુર્જર, ખીમજી પુરોહિત, માલારામજી ચૌધરી, ખેતાજી ઘાંચી, સત્યનારાયણ શર્માજી, દરગાજી હિંગડા, અને તમામ કારોબારી, ટ્રસ્ટીઓ અને સભ્યોની હાજરી સર્વાનુમતે આગામી તા.૩૦ માર્ચના રોજ એક ભવ્ય સાંસ્કૃતિક અને રંગારંગ કાર્યક્રમ સાથે રાજસ્થાનનો ભવ્ય કાર્યક્રમ સ્થાપના દિવસની ઉજવણી, થિયેટર સેકટર-૨૪ ગાંધીનગરમાં ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું, તેની સાથે પ્રવાસી રાજસ્થાની પ્રતિભાઓ, ભામાશાહ અને ગાંધીનગર શહેરના ૪૪ કોર્પોરેટરોને રાજસ્થાન સન્માન આપવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું. આ માહિતી ટ્રસ્ટના મહામંત્રી મુકેશકુમાર વ્યાસે આપી હતી. આ સાથે બેઠકમાં વિવિધ સમિતિઓ પણ નક્કી કરવામાં આવી હતી જેઓ આ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ આપશે અને કાર્યક્રમમાં સહયોગ આપનાર દાતાઓ અને સ્પોન્સર્સને વિશેષ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. કાર્યક્રમની સફળતા માટે ફોર્મ વિતરણ, ડેટા કલેક્શન અને નવા સભ્યો માટે અલગ આયોજન સમિતિની પણ રચના કરવામાં આવી હતી. સભાને સંબોધતા મહામંત્રી મુકેશકુમાર વ્યાસે જણાવ્યું હતું કે આજથી જ આ કાર્યક્રમને ભવ્યતા આપવા મિડીયા પાર્ટનર તરીકે આ કાર્યક્રમની સફળતા સુનિશ્ચિત કરવા પ્રિન્ટ મિડીયા, સોશિયલ મીડિયા, ટીવી ચેનલો વગેરેનો સંપર્ક કરવા તમામ સભ્યોને તન, મન અને ધનથી સહકાર આપવા અપીલ કરી હતી.

## ધારાસભ્ય ડો. અનિલ જોષીયારાના નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરતા રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ભિલોડા મતક્ષેત્રના ધારાસભ્ય ડો. અનિલ જોષીયારાના નિધન અંગે ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી છે. રાજયપાલશ્રીએ સદ્‌ગતને શ્રદ્ધાંજલિ પાઠવતાં જણાવ્યું છે કે સ્વ. ડો. અનિલ જોષીયારા એક જાગૃત જનપ્રતિનિધિ તરીકે હંમેશાં યાદ રહેશે. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે અને પરિવારજનો ઉપર આવી પડેલાં દુઃખને સહન કરવાની શક્તિ પ્રદાન કરે એવી પ્રાર્થના પણ રાજયપાલશ્રીએ વ્યક્ત કરી છે.



### જિલ્લા કક્ષાની સાંસ્કૃતિક હરિફાઈમાં કલોલના ૯ વિદ્યાર્થીઓ ઝળકયાં

જિલ્લા કક્ષાની સાંસ્કૃતિક હરિફાઈમાં કલોલના ૯ વિદ્યાર્થીઓ ઝળકયાં. શાળાના વિદ્યાર્થીઓ રાધા તથા સુમિતે ફરી એકવાર પ્રથમ આવી શાળા તથા તાલુકાનું ગૌરવ વધાર્યું છે. તેઓ રાજ્ય કક્ષાએ પોતાની સ્કિલ ને પ્રદર્શિત કરશે. ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી પ્રેરિત આ હરીફાઈમાં દેશભક્તિગીત સ્પર્ધામાં રાધા તથા ચિત્ર સ્પર્ધામાં સુમિત પ્રથમ આવતાં શાળાના આચાર્ય પ્રીતિબેન ગાંધીએ અભિનંદન આપ્યાં હતાં તથા કલસ્ટર કો.ઓર્ડિનેટર યોગેશભાઈએ આગળની હરીફાઈ માટે શુભકામના આપી હતી. બંનેના માર્ગદર્શક દીપિકાબેન રહ્યા હતાં.



### જુના સચિવાલયમાં ઝાડ પડ્યું

ગાંધીનગરના જુના સચિવાલય સંકુલમાં બ્લોક નંબર ૧૯ માહિતી નિયામકની કચેરીની સામે સાંજના સુમારે સરકારી કચેરીઓ છુટવાના સમયે વાહન પાર્કિંગમાં એક વિશાળ બાવળના વૃક્ષનો એક ભાગ અચાનક તૂટી પડતાં તેની નીચે બે કાર દબાઈ જવા પામી હતી. સદભાગ્યે આ અકસ્માતમાં કોઈને ઈજા નથી થઈ પરંતુ બંને કારને થોડું નુકશાન થવા પામ્યું હતું.

# મધુર ડેરીના પ્રાંગણમાં વિશ્વ મહિલા દિવસની અનોખી ઉજવણી

### ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના સુવર્ણ જયંતિ પ્રસંગના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી ગાંધીનગર જિલ્લા સંગઠનના સંયુક્ત ઉપક્રમે



ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદકોની ૧૦ વર્ષથી નાની દિકરીઓ માટે પ્રધાનમંત્રી ''સુકન્યા સમૃદ્ધિ યોજના''નો લાભ મળી રહે તે હેતુથી ''મહિલા દિન'' મધુર ડેરીના સાંસ્કૃતિક મેદાનમાં પ્રદેશ ભાજપના અધ્યક્ષ મુરબ્બી સી.આર. પાટીલ સમારંભના અધ્યક્ષપદે હાજર રહ્યાં હતા. આ સમારંભમાં દેવુસિંહ ચૌહાણ (મંત્રીશ્રી), મુખ્ય મહેમાન પદે તથા રજનીભાઈ પટેલ (મહામંત્રી ભાજપ), અતિથિ વિશેષ તરીકે કાનાજી ઠાકોર (પૂર્વ મેયર તથા ઉપપ્રમુખ ભારતીય જનતા પાર્ટી), ગાંધીનગર જિલ્લાના ભાજપના પ્રભારી હર્ષદભાઈ પટેલ, પંકજભાઈ પટેલ, ગાંધીનગર જિલ્લાના ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ, ચીફ પોસ્ટ માસ્તર નજરલ, ગુજરાત સર્કલના જીતેન્દ્ર ગુપ્તાજી, નોર્થ ગુજરાતના પોસ્ટ માસ્તર જનરલ સુચિતા જોષી, મહિલા રાજપૂત સમાજ ગાંધીનગર પ્રમુખ વિનાબા રાણા અને આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરતા સંસ્થાના ચેરમેન ડૉ. શંકરસિંહ રાણા, સંસ્થાના મેનેજીંગ ડિરેક્ટર રોહિતભાઈ મહેતા, ગાંધીનગર જિલ્લા દૂધ સંઘના મહિલા દૂધ ઉત્પાદક મંડળીના બહેનો તથા મધુર પરિવારના દરેક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમની શુભ શરૂઆત ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલ તથા મંચસ્થ તમામ મહાનુભાવોએ દિપ પ્રાગટ્યથી કરી હતી. ગાંધીનગર જિલ્લા દૂધ સંઘમાં દૂધ ભરાવતી મહિલાઓની ૧૦ વર્ષથી નાની દિકરીઓના પોષ્ટમાં ખાતા ખોલાવી તેની પાસબૂકનું વિતરણ ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી.આર. પાટીલના હસ્તે ચીફ પોસ્ટ માસ્તર જનરલ, ગુજરાત સર્કલ તથા નોર્થ ગુજરાતના પોષ્ટ માસ્તર જનરલની હાજરીમાં કરવામાં આવ્યું હતું. પોસ્ટના ખાતા ખોલવામાં પ્રથમ હપ્તો મધુર ડેરીએ ભર્યો હતો. મહિલા પશુપાલકોની ૧૦ વર્ષથી નાની દિકરીઓને ''સુકન્યા સમૃદ્ધિ યોજના''નો લાભ મળે તે માટે મધુર ડેરીએ પ્રથમ પહેલ કરી હતી. મંચસ્થ મહાનુભાવોએ જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લા મહિલા પશુપાલકોને સહકાર ક્ષેત્રે આપેલા યોગદાનને બિરદાવ્યું હતું. મધુરની મહિલાઓની તાકાત અને શક્તિ સમગ્ર રાજ્ય જોઈ રહ્યાં છે. પશુપાલકના વ્યવસાય સાથે જોડાયેલી બહેનો કોઈપણ સંજોગો સામે લડવા તત્પર અને સક્ષમ બની રહી છે. દૂધના વેપારને બહેનોએ પૂરજોશમાં આગળ વધાર્યો છે. સાથે સાથે એ પણ જણાવ્યું હતું કે ચેરમેન ડૉ. શંકરસિંહ રાણાના કૂનેહભર્યા નેતૃત્વ અને પારદર્શક વહીવટને બિરદાવ્યા હતા અને આટલી મોટી સંખ્યામાં બહેનો ઉપસ્થિત રહી તે માટે ડૉ. શંકરસિંહ રાણાનો આભાર વ્યક્ત કર્યો હતો. ચેરમેન શંકરસિંહ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે આજે ગાંધીનગર જિલ્લાની બહેનોની મહેનત અને મધુર ડેરીના પીઠબળથી આજે સમગ્ર ગુજરાત રાજ્યમાં મધુર ડેરી તેના પશુપાલકોને દૂધના ૭૫૦ રૂપિયા ભાવ આપી રહી છે. તેથી દર માસે દૂધના વેપારમાંથી સારી એવી કમાણી કરતા થયાં છે. કાર્યક્રમના અંતમાં આ કાર્યક્રમમાં હાજર રહેવા બદલ સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે આભાર વ્યક્ત કરી અને સફળ સંચાલન કર્યુ હતુ.




આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત
૧૫ માર્ચ
વિશ્વ ગ્રાહક અધિકાર દિવસ

FAIR DIGITAL FINANCE

ઓનલાઈન નાણાંકીય વ્યવહારો કરતી વખતે રાખવાની સાવચેતીઓ :
- બેન્કિંગની અધિકૃત વેબસાઈટ કે મોબાઈલ એપ્સનો વપરાશ કરવો.
- સલામત અને વિશ્વસનીય ઈન્ટરનેટ નેટવર્કનો ઉપયોગ કરવો.
- લોગ-ઈન ID અને PASSWORD મજબૂત અને સુરક્ષિત રાખવા.
- ડેબિટ કે ક્રેડિટ કાર્ડની માહિતી અને PIN કોઈ સાથે આપ-લે ન કરવા કે વેબસાઈટ કે એપ્સમાં સંવેદનશીલ માહિતી સંગ્રહ ન કરવી.
- શંકાસ્પદ નાણાંકીય વ્યવહાર જણાય તો તુરંત જ તમારા સર્વિસ પ્રોવાઈડર/બેન્કને તેની જાણ કરવી.
- નાણાંકીય વ્યવહાર દરમિયાન અજાણી એપ્લિકેશન ડાઉનલોડ ન કરવી.
- વધુ પડતી વ્યક્તિગત કે બેન્કિંગ વિગતો માંગતા ઓનલાઈન પોર્ટલથી સાવચેત રહી પહેલા તેની વિશ્વસનીયતા તપાસવી.
- ડિજિટલ પેમેન્ટ વિશે માહિતી મેળવવા 24x7 ટોલ ફ્રી હેલ્પલાઈન પર સંપર્ક કરવો.

14431 | 1800 891 3333 | Digisathi.info
(RBI અને NPCIની સંયુક્ત સેવા)

જાગૃત ગ્રાહક, જાગૃત રાષ્ટ્ર
"ગ્રાહક - આપના અધિકારોને જાણો"
- નરેશભાઈ પટેલ
માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની સુરક્ષા, ગુજરાત સરકાર

State Consumer Toll Free Number : 1800-233-0222

જિલ્લા પુરવઠા અધિકારી/ મદદનિશ નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાનની કચેરી
નિયંત્રક, કાનૂની માપ-વિજ્ઞાન અને નિયામક ગ્રાહક સુરક્ષા કચેરી, ગાંધીનગર
અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતોનો વિભાગ, ગાંધીનગર